# યુપીએ સરકાર દરેક મોરચા પર નિષ્ફળ : ભાજપ

નવીદિલ્હી, તા. ૨૨

યુપીએ સરકારે બીજીવાર સત્તારૂઢ થયાને ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં જશ્ન મનાવવામાં આવી રહ્યો છે. એની પ્રતિક્રિયા આપતા ભાજપે જણાવ્યું હતું કે, યુપીએ સરકારે દેશને ઉદાસીનતા, નિરાશા અને નકારાત્મકતાના માહોલમાં ધકેલી દીધો છે, એટલે ખુશીઓ મનાવવાના બદલે દેશની માફી માગવી જોઈએ લોકસભાના વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ અને રાજ્યસભા વિપક્ષના નેતા અરૂણ જેટલીએ આજે સંયુક્ત નેતા અરૂણ જેટલીએ આજે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, યુપીએ સરકારની સિદ્ધિ એટલી જ છે કે તેને શાસનના ચાર વર્ષ પૂર્ણ કરી દીધા છે. પણ ઈતિહાસ લાંબા શાસનકાળની નોંધ નહી લે, દેશને યુપીએના શાસનથી જે નુકસાન થયું છે અને હવે દેશની જનતા જ એનો ફેંસલો કરશે. કોઈની ઓળખાણ તેની લાંબી ઉંમરને કારણે નથી થતી પણ તેણે સારા કાર્યો કેટલાંક અને કેવાં કર્યા એનાથી વ્યક્તિ ઓળખતો હોય છે.

અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, કેન્દ્રની યુપીએ સરકારની એક જ ઉપલબ્ધિ છે કે સીબીઆઈનો દુરુપયોગ કરીને તેણે ચાર વર્ષના કાર્યકાળ પૂર્ણ કર્યો છે. કારણ કે બહારથી ટેકો આપી રહેલા સમાજવાદી પક્ષ અને બહુજન સમાજવાદી પક્ષ સરકારને બચાવી શકી ન હોત. સીબીઆઈ જ નહી પણ સરકારે દરેક સંસ્થાના ડાયરેકટરને મેનેજ કર્યા છે. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે યુપીએ સરકારનો ઢાંચો જ દોષપૂર્ણ છે. જેમાં શક્તિ વડાપ્રધાન પાસે નથી શાસનનથી શક્તિ સરકારની બહાર બેઠેલા સોનિયા ગાંધી પાસે છે. જેથી વડા પ્રધાન કોઈ નિર્ણય લઈ શકતા નથી. તેમણે કહ્યું હતુ કે શાસનમાં સોનિયા ગાંધીનો આદેશ સર્વોચ્ચ અને અંતિમ હોય છે. જ્યોર વડાપ્રધાનનું કંઈ જ ઉપજતું નથી. કોંગ્રેસની કેડર ભવિષ્યનો નજરમાં રાખી ને



પરિવારના પ્રથમ ઉત્તરાધિકારી (રાહુલ ગાંધી)ને જોઈ રહ્યા છે.

જેટલીએ વધુમાં કહ્યું હતું કે ભારતના ઈતિહાસમાં વડાપ્રધાનનું પદ નાનું હતું નહી જ્યારે વડાપ્રધાન જેવી રીતે હસી-મજાક અને કટાક્ષનું પાત્ર બની રહ્યા છે. પહેલા કોઈ પણ વડાપ્રધાનની આવી હાલત નહતી. કેટલાક સર્વેક્ષણોને હવાલો આપીને જણાવ્યું હતું કે, યુપીએ અને કોંગ્રેસની લોકપ્રિયતાનો ગ્રાફ જલદીથી ઘટી રહ્યો છે. અને આગામી લોકસભાની ચૂંટણી સુધીમાં તો કોંગ્રેસનો જનાધાર તો તળીએ બેસી ગયેલો હશે. યુપીએના શાસનના ચાર વર્ષ ભ્રષ્ટાચાર અને ગેરરીતિના જ રહ્યા છે. ત્યારે ૪ વર્ષની સિધ્ધિ બતાવીને જશ્ન મનાવવામાં આવી રહ્યો છે. તે બાબત સમજાતી નથી નિરાશાના માહોલમાં જશ્ન મનાવવાનું કોંગ્રેસને ભારે જ પડવાનું છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને એનડીએના વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવવાના સંદભમાં પત્રકારોએ પૂછેલા પ્રશ્નના જવાબ સૂષ્મા સ્વરાજ અને જેટલીએ ટાળ્યા હતા. અને કહ્યું હતું કે વડાપ્રધાનપદના ઉમેદવાર અંગે ભાજપની સંસદીય બોર્ડની બેઠકમાં જ નિર્ણય લેવાશે એમાં સાથી પક્ષોને પણ વિશ્વાસમાં લેવાશે અન્ય એક પ્રશ્નના જવાબમાં જેટલીએ કહ્યું હતું કે ત્રીજા મોરચાનું કોઈ ભવિષ્ય જ નથી.

**ખુશી મનાવવાની જરૂર નથી : જેટલી**

## યુપીએ-૨ના લીધે દેશમાં નિરાશાનું વાતાવરણ

નવી દિલ્હી,તા. ૨૨

લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે એકબાજુ યુપીએ-૨ પર આકરા પ્રહારો કર્યા હતા ત્યારે રાજ્યસભામાં વિપક્ષનાનેતા અરૂણ જેટલીએ પણ કોઈ તક જવા દીધી ન હતી. તેમણે કહ્યુ હતુ કે યુપીએ-૨ સત્તામાં ચાર વર્ષ પૂરા કરવાને લઈને ઉજવણી કરી રહી છે પરંતુ વાતાવરણ સંપૂર્ણ નિરાશાવાદી છે.

જેટલીએ કહ્યુ હતુ કે યુપીએ-૨ પોતાની સિદ્ધિઓને લઈને વ્યસ્ત છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ છે. તમામ જનમતના પરિણામ દર્શાવે છે કે કોંગ્રેસ અને યુપીએની લોકપ્રિયતા ઝડપથી નીચે ઘટી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે ઇતિહાસમાં વડાપ્રધાનનો હોદ્દો ક્યારે પણ આટલો નબળો રહ્યો નથી. અરૂણ જેટલીએ પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે યુપીએ-૨ની સિદ્ધિ આટલી જ છે કે સત્તામાં ચાર વર્ષ પુરા થયા છે. પરંતુ ઇતિહાસ સત્તામાં રહેવાની આ આધાર પર તક આપશે નહીં. આ શાસને દેશને જે નુકસાન પહોંચાડ્યુ છે તેના આધાર પર ખૂબ જ કઠોર પરિણામો લોકો આપશે. જેટલીએ કહ્યુ હતુ કે સીબીઆઈના દુરુપયોગ મોટા પ્રમાણમાં થયો છે. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી જેવા પક્ષોએ ન બચાવ્યા હોત તો આ સરકાર સત્તામાં ન રહી હોત.

# વિંદુ દારાસિંહે પોતાના ગુનાની કલૂબાત કરી

નવી દિલ્હી,તા. ૨૨

આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગના મામલામાં પોતાની સંડોવણી હોવાની અભિનેતા વિંદુ દારાસિંહે આખરે કબૂલાત કરી લીધી છે. વિંદુએ પોતાનો ગુનો કબૂલી લેતા આ અંગેની શંકાઓ દૂર થઈ ગઈ છે. તેના આવાસ પરથી બે મોબાઈલ ફોન અને એક લેપટોપ કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આ મામલામાં બુકી સંજય અને પવનની શોધખોળ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ બંને બુકીના વિંદુ સાથે ખુબ નજીકના સંબંધ છે. વિંદુને મુંબઈ ક્રાઈમ બ્રાંચે મંગળવારે પકડી લીધો હતો. આ મામલામાં તેની હજુ પણ પુછપરછ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હી પોલીસે છેલ્લા ઘણા સમયથી ખેલાડીઓ અને બુકીઓ વચ્ચે ફોનની વિગતો ઉપર ગુપ્ત ઓપરેશન ચલાવ્યુ હતુ. આ ગુપ્ત ઓપરેશન કેટલાક દિવસ સુધી ચાલ્યા બાદ અને નક્કર માહિતી મળી ગયા બાદ ક્રિકેટને હચમચાવી મુકનાર આઈપીએલમાં



સ્પોટ ફિક્સીંગ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડી શ્રીસંત, અજિત ચંડિલા અને અંકિત ચૌહાણની ધરપકડ કરી લેવામાં આવી હતી. ઓછામાં ઓછી ત્રણ આઈપીએલ મેચોમાં સ્પોટ ફિક્સીંગ મામલામાં સામેલ હોવાના આરોપસર તેમની ૧૫મી મેની રાત્રે ધરપકડ કરવી લેવામાં આવી હતી.

શ્રીસંતના મિત્ર જીજુ જનાર્દનની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી.

આઈપીએલમાં હજુ સુધી ૨૦થી વધુ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે જેમાં ત્રણ ખેલાડીઓ, કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓ, ૧૧થી વધુ બુકીઓનો સમાવેશ થાય છે. બોલિવુડના લોકો પણ હવે આના સકંજામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે વિંદુ દારાસિંહની સૌથી પહેલા ધરપકડ કરવામાં આવી છે. તેની ધરપકડની સાથે બોલિવુડની અન્ય હસ્તીઓ પર પણ તવાઈ આવી ગઈ છે. ચાર અન્ય લોકો શંકાના ઘેરામાં હોવાની માહિતી મળી રહી છે.

# સોનાની આયાતને ઘટાડવા ટૂંકમાં અનેક પગલાં લેવાશે

નવી દિલ્હી,તા. ૨૨

સરકાર સોનાની આયાતને ઘટાડવા અને તેના ઉપર અંકુશ મૂકવા માટે વધુ કેટલાક પગલાંની આગામી દિવસોમાં જાહેરાત કરી શકે છે. નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ કહી ચૂક્યા છે કે સોનાની વધતી જતી આયાત ખૂબ મોટી ચિંતાનું કારણ છે. તેના ઉપર અંકુશ ખૂબ જ જરૂરી છે.

ચિદમ્બરમ્નું કહેવું છે કે ભારતીય અર્થવ્યવસ્થા તેજીના દોરમાં પ્રવેશ કરી રહી છે. આવનાર સમયમાં મૂડીરોકાણને વધારવાની તાકિદની જરૂર છે. આનાથી માર્કેટ અને અર્થવ્યવસ્થામાં તેજી આવશે. ચિદમ્બરમ્ એમ પણ માને છે કે સરકારી બેંકોના મર્જરની બાબત તર્કસંગત છે. તેમનું કહેવું છે કે દેશમાં વધારે પ્રમાણમાં નાની મોટી બેંકો હોવાની સરખામણીમાં દેશમાં પાંચ અથવા ૮ મોટી બેંકો રહે તે જરૂરી છે. ચિદમ્બરમ્ અન્ય અનેક પ્રશ્નો ઉપર પણ ચર્ચા કરી હતી. તેમનું કહેવું છે કે ભારત ઊંચી રેટીંગ માટે હકદાર છે. આર્થિક સુધારાની દિશામાં ઝડપી પગલાં લેવામાં આવી રહ્યા છે. આવનાર દિવસોમાં આની અસર પણ જોવા મળશે. આવી સ્થિતિમાં સુધારાની ગતિમાં મંદીના કોઈ સંકેત નથી. ઘણા ક્ષેત્રોના દેખાવમાં સુધાર થઈ રહ્યો છે. સોનાની આયાત ઉપર અંકુશ મૂકવાની હિલચાલથી લોકોને આની કિંમત ચૂકવવી પડશે. સોનાની કિંમતમાં હાલમાં ઘટાડો નોંધાયો છે પરંતુ આની ઓછી કિંમતનો ફાયદો ગ્રાહકોને મળી રહ્યો નથી. જો બેંકોના બુલિયન આયાત ઉપર અંકુશ મૂકાશે તો સોનાની ખરીદારી કરનાર લોકો ઉપર બોજ પડી શકે છે.

# ભારત જળસંકટની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યુ છે

નવી દિલ્હી,તા. ૨૨

કેન્દ્રિય જળસંશાધન પ્રધાન હરિશ રાવતે આજે કહ્યુ હતુ કે ભારત ધીમે ધીમે જળસંકટની તરફ આગળ વધી રહ્યુ છે. ઘણા રાજ્યોમાં ભૂગર્ભ જળની સપાટી ખૂબ નીચે પહોંચી ગઈ છે જેથી ચિંતાજનક સ્થિતિ સર્જાઈ રહી છે. બીજા એશિયા પ્રશાંત જળ સંમેલનમાં ભાગ લેવા માટે આવેલા રાવતે કહ્યુ હતુ કે પાણીને સામુદાયિક સંશાધન તરીકે સમજીને તેના ખૂબજ સાવધાનીપૂર્વક ઉપયોગની જરૂર છે. રાવતે કહ્યુ હતુ કે અમે ધીમે ધીમે જળસંકટની દિશામાં આગળ વધી રહ્યા છીએ. મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિળનાડુ અને ઉત્તર પશ્ચિમ ભારતના અન્ય ભાગોમાં પણ સ્થિતિ ચિંતાજનક બનેલી છે કારણ કે ભૂગર્ભ જળની સપાટી નીચે પહોંચી છે. રાવતે કહ્યુ હતુ કે અમારી ૮૦ ટકા પાણી સંબંધિત જરૂરિયાતો ભૂગર્ભ જળ મારફતે પૂરી થાય છે પરંતુ ઘણા વિસ્તારોમાં આનો ઉપયોગ જરૂર કરતા વધારે થઈ રહ્યો છે.

તેમણે ઘટી રહેલા જળ સ્તરની સમસ્યાને લઈને પણ વાત કરી હતી. ભંડાર ક્ષમતામાં વધારો કરવાની જરૂરિયાત પર તેમણે ભાર મુક્યો હતો. રાવતે એમ પણ કહ્યુ હતુ કે આ સમસ્યાના સંભવિત સમાધાન માટે પાણીની વધારે સારી સ્થિતિ ધરાવનાર વિસ્તારમાં પાણીને આંતર જળ સ્થાનાનાંતરણના માધ્યમથી પાણીની અછતવાળા વિસ્તારોમાં મોકલી શકાય છે. રાવતે સિંચાઈ જેવા કામ માટે પાણીનો ખુબજ યોગ્ય ઉપયોગ કરવાની પણ સલાહ આપી હતી. તેમણે કહ્યુ હતુ કે નવી ટેકનોલોજી અને પાણીનો બીજી વખત ઉપયોગ કરવાની સલાહ આપી હતી. સંમેલનમાં ભાગ લેવા માટે પહોંચેલા અન્ય લોકોએ પણ પાણીના ઉકેલ માટે રજુઆત કરી હતી.

# બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરિક્ષણ

પણજી,તા. ૨૨

ભારતે આજે ગોવાના દરિયાકાંઠે નૌકા સેનાના જહાજ આઈએનએસ તર્કશ ખાતેથી ૨૯૦ કિલોમીટરની રેન્જ ધરાવતી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરિક્ષણ કહ્યુ હતુ. મિસાઈલે સફળતાપૂર્વક ટાર્ગેટ પર પડીને તમામ લોકોને સંતુષ્ઠ કરી દીધા હતા. બ્રહ્મોસ એરો સ્પેસના વડા એ શિવતાનું પિલ્લાઈએ કહ્યુ હતુ કે રશિયા દ્વારા બનાવવામાં આવેલા જહાજથી સવારે ૧૧.૦૦ વાગ્યે આ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે જહાંજના એક્સેપ્ટેન્સ ટેસ્ટ ફાયરિંગ રેન્જ હેઠળ નૌકા સેનાએ આ મિસાઈલ લોન્ચ કરી હતી. નવા તલવાર શ્રેણીના જહાજ આઈએનએસ તર્કશનો ટ્રેક રેકોર્ડ ખુબ સારો રહ્યો છે. ભારત અને રશિયા




વચ્ચે જુલાઈ ૨૦૦૬માં હસ્તાક્ષર કરવામાં આવેલા ૮૦૦૦ કરોડ રૂપિયાના કરાર હેઠળ શ્રેણીના બે અન્ય જહાજ આઈએનએસ તેગ અને આઈએનએસ ત્રિકંડની સાથે આ જહાંજનું નિર્માણ કરવામાં આવ્યુ છે. આઈએનએસ તેગ ૨૭મી એપ્રિલ ૨૦૧૨ના દિવસે સેવામાં મુકાયા બાદથી તેની સેવા લેવામાં આવી રહી છે.

આઈએનએસ ત્રિકંડને ટૂંક સમયમાં જ સેવામાં મુકવામાં આવશે. આ તમામ જહાજ આઠ વર્ટિકલ લોન્ચ બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમથી સજ્જ રહેશે. મિસાઈલ છોડી શકાય તેવા જહાજની ડિઝાઈન વિશેષ રીતે તૈયાર કરવામાં આવી છે. જુદા જુદા દરિયાઈ મિશનમાં આનો ઉપયોગ થઈ શકે છે. ભારતે અને રશિયા દ્વારા સંયુક્તરીતે વિકસિત કરવામાં આવેલી બ્રહ્મોસ ૩૦૦ કિલોગ્રામ સુધીના હથિયારો લઈ જવામાં સક્ષમ છે. બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યુ ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા. મિસાઈલના તમામ પેરામિટરો યોગ્યરીતે કામ કરી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. મિસાઈલનું ૧૧.૦૦ વાગ્યે પરિક્ષણ કરાયા બાદ તરત જ બ્રહ્મોસ એરો સ્પેસના વડાએ માહિતી આપી હતી કે આઈએનએસ તર્કશ જમીનથી હવામાં અને જમીનથી જમીનમાં પ્રહાર કરી શકે તેવી મિસાઈલ સિસ્ટમ ગોઠવશે. આ તમામ ત્રણ જહાજોમાં અતિઆધુનિક સાધનો રહેશે.

# સંજયને આખરે પૂણેની યરવડા જેલ ખસેડાયો

મુંબઈ,તા. ૨૨

વર્ષ ૧૯૯૩માં દેશની આર્થિક રાજધાની મુંબઈમાં શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ કેસમાં હથિયાર રાખવાના મામલામાં સજા પામેલા બોલીવુડ અભિનેતા સંજય દત્તને મુંબઈની આર્થર રોડ જેલથી પૂણેની યરવડા જેલ શિફ્ટ કરી દેવામાં આવ્યો છે. જેલ સત્તાધીશોએ સંજય દત્તની અરજીનો સ્વીકાર કરી



લીધો છે. સંજય દત્તે આત્મસમર્પણ કરતાં પહેલાં ટાડા કોર્ટમાં યરવડા જેલમાં શિફ્ટ થવા માટેની અરજી કરી હતી પરંતુ પછી તેણે પોતે જ આ અરજી પાછી ખેંચી લીધી હતી. ૧૬ મેનાં રોજ સંજુને મુંબઈની આર્થર રોડ જેલમાં બંધ કરી દેવાયો હતો. સંજયના વકીલે જણાવ્યું હતું કે, પાણી અને હવાની ખામીનાં કારણે તેનો શ્વાસ રૂંધાતો હતો. સંજયનાં વકીલ રિઝવાન મર્ચંટે આર્થર રોડ જેલમાંથી યરવડા જેલમાં શિફ્ટ કરવા માટે ટાડા કોર્ટમાં રજૂઆત કરી હતી. જેલ સત્તાધીશોએ આ રજૂઆતનાં સંદર્ભે હવે સંજય દત્તને યરવડા જેલમાં શિફ્ટ કરી દીધો છે. સંજયને પાંચ વર્ષ જેલની સજા ફટકારવામાં આવી છે જેમાંથી તે ૧૮ મહિના જેલની સજા કાપી ચૂક્યો છે અને હવે તેણે ત્રણ વર્ષ અઢાર મહિના જેલમાં રહેવું પડશે.

## સમાચાર ઝલક

- ધોરણ-૯ની પછાતવર્ગની તમામ દીકરીઓને સરસ્વતી સાધના યોજના, અનુ.જાતિ, જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને લાભ મળશે.
- ૭૮ વર્ષીય હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચોટાલાને ૬ અઠવાડિયાના જામીન મળ્યા.
- ચીનમાં ચીટફંડના દોષી મહિલાને મોતની સજા.
- વડાલીના ખેડૂતોએ અમેરિકન કેસરનું વાવેતર કરી નવી દિશા બતાવી.
- સોનામાં મહા મંદી આવવાનાં સંકેત હજુભાવો તૂટશે.
- કેરળમાં ચોમાસું સમયસર આવશે, ત્રીજી જૂને વરસાદ.
- અમેરિકાના ઓકલોહોમા શહેરમાં ચક્રવાતી તોફાનનો કાળો કહેર ૧૦૦નાં મોત.
- ભાવનગરમાં પોલીસે મંદિરની છત પરથી દારૂનો જથ્થો પકડયો, મહિલા બુટલેગર ફરાર.
- આજે કોબા જૈન દેરાસરમાં બપોરે બે વાગે ઐતિહાસિક સૂર્યદર્શન થયા.
- રાજ્યમાં આગામી ૪૮ કલાક હજુ હીટવેવની આગાહી.
- લંડનમાં ભારતમાં જન્મેલા લોકોની સંખ્યા હાલમાં વધી.
- ઇરાકમાં સિરિયલ બ્લાસ્ટ ૯૫નાં મોત.
- અમદાવાદમાં પાંચ લાખનો દહેજ આપવાની ના પાડતાં વરરાજા આવ્યા નહિ, સ્વૈચ્છિક સંસ્થાઓનું મૌન.
- રાત્રિના ૧૨ વાગ્યા સુધી શ્રીસંતની પૂછરપરછ કરવામાં આવે છે, ચાર દિવસથી કપડાં પણ બદલવામાં દેવામાં આવ્યાં નથી.
- ભારતીય બોક્સરોએ ચાર ગોલ્ડ મેડલ સહિત ૧૦ મેડલ જીતીને ઇતિહાસ સર્જયો.
- જસ્ટ ડાયલમાં મુડી રોકાણથી અમિતાભને ૫૩ ગણો લાભ.
- મહિલા પર જાતીય સતામણી અત્યાચારો સામે નવી જોગવાઇ.
- આજે યુપીએ-૨ સરકારે નવ વર્ષ પૂર્ણ કર્યા, ૧૦માં વર્ષમાં પ્રવેશ...
- ઢાકામાં હજારો કાપડનાં ઉધોગપતિઓનાં દેખાવો, ઘર્ષણથી ૫૦ ઘાયલ.
- સ્મારક કૌભાંડમાં માયાવતીનાં મંત્રીઓ, અધિકારીઓ ૧૫ અબજ ચાઉં કરી ગયા, લોકાયુક્તનો રિપોર્ટ.
- ડાકોર નજીક વાત્સલ્યધારમાં સાદવી ઋતુભરાના વાત્સલ્ય ગ્રામનું ભૂમિપૂજન કરવા નરેન્દ્રભાઇ મોદી.

**દિલ્હી વિધાનસભા ચૂંટણીના સંદર્ભે**

# રાહુલ ગાંધી આવતીકાલથી પ્રચારનો શંખનાદ શરૂ કરશે

નવીદિલ્હી,તા. ૨૨

કોંગ્રેસનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આવતીકાલથી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટેનો પ્રચાર અર્થે શંખનાદ કરશે. આવતીકાલે રાહુલ ગાંધી પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય જશે અને પાર્ટી નેતાઓ સાથે મુલાકાત કરશે. હાલમાં કોંગ્રેસી નેતાઓ અત્યંત ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. કહેવાય છે કે, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જે.પી.અગ્રવાલને બદલવાની અફવા ચાલી રહી છે તેને રાહુલ ગાંધી આવતીકાલે પ્રદેશ કોંગ્રેસની ઓફિસમાં જઈ આ પ્રકારનાં ગણગણાટને બંધ કરી દેશે. આવતીકાલ સવારે ડીડીયુ માર્કેટ ખાતે આવેલાં દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં સવારે ૧૦ વાગ્યે રાહુલ ગાંધી પહોંચી જશે. દિલ્હીનાં તમામ પાર્ટી હોદ્દેદારો, ધારાસભ્યો, જિલ્લા અધ્યક્ષો, કોર્પોરેટરો સાથે લાંબા સમય સુધી મુલાકાત કરશે, કાર્યકર્તાઓનાં પ્રશ્નો સાંભળશે. રાહુલ ગાંધીના પ્રદેશ કાર્યાલયમાં આવવાની સૂચના મળતાં જ પ્રદેશ કોંગ્રેસના તમામ પદાધિકારીઓને અને ધારાસભ્યોને સૂચના મોકલવાનું શરૂ કરી દેવાયું છે. શીલા દિક્ષીત સહિત મંત્રીમંડળ આ મિટિંગમાં હાજર રહે તે અંગેનું આમંત્રણ આપી દેવામાં આવ્યું છે. છેલ્લાં કેટલાંક સમયથી દિલ્હી સરકારમાં સંગઠન મામલે ફેરફાર થશે તેવો ગણગણાટ થઈ રહ્યો છે. પ્રદેશ પ્રમુખ જે.પી.અગ્રવાલ અને દિલ્હીનાં મુખ્યમંત્રી શીલા દિક્ષીત વચ્ચે મતભેદો સપાટી પર આવ્યા છે જેની અસર આવનાર વિધાનસભા ચૂંટણી પર પડી શકે તેમ કોંગ્રેસનાં કેટલાંક નેતાઓનું માનવું છે તો બીજીતરફ ભારતીય જનતા પાર્ટીએ યુપીએ સરકારને તેમજ દિલ્હી સરકારને ઘેરવા માટે ચૂંટણી રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધું છે. હાલમાં કોંગ્રેસી કાર્યકર્તાઓમાં ચૂંટણી અંગે ઉત્સાહ દેખાઈ રહ્યો નથી માટે કોંગ્રેસી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધે તે માટે રાહુલ ગાંધીએ પ્રદેશ કોંગ્રેસની ઓફિસમાં જવાનો નિર્ણય કર્યો છે. આવતીકાલે તમામ કોંગ્રેસી કાર્યકર્તાઓની ફરિયાદો અને મનદુઃખને સાંભળી તેને ભૂલી જઈને ચૂંટણી જંગમાં કમર કસીને કામ કરવાની સલાહ રાહુલ આપશે. આવતીકાલે ચૂંટણી અંગેનો એજન્ડા પણ નક્કી થાય તેવી શક્યતા છે. ઉત્તર પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષે ચૂંટણી માટે આજથી તેમની પદયાત્રા શરૂ કરવાનું એલાન કરી દીધું છે.

# રણબીર-અનુષ્કાની જોડી રૂપેરી પડદે ધૂમ મચાવશે

મુંબઈ, તા. ૨૨

બોલિવુડના રોકસ્ટાર રણબીર કપુર અને હોટ કેક ગણાતી અનુષ્કા શર્માની જોડી સિલ્વર સ્ક્રિન પર અનેરો જાદુ જગાવશે. બોલિવુડમાં એ ચર્ચા ચાલી રહી છે કે 'ગુલાલ, દેવ ડી, ગૈંગ્સ ઓફ વાસેપુર અને બોમ્બે ટોકીઝ' જેવી ફિલ્મો નિર્દેશીત કરી ચુકેલા અનુરાગ કશ્યપ 'બોમ્બે વેલવેટ' નામની એક ફિલ્મનુંનિર્દેશન કરનાર છે. આ ફિલ્મમાં મુંબઈની વાર્તા વણી લેવામાં આવી છે.

આ ફિલ્મ માટે રણબીર કપુર અને અનુષ્કા શર્માની પસંદગી કરવામાં આવી છે. આ ફિલ્મનું નિર્માણ ફોક્સ સ્ટાર સ્ટુડિયોઝ અને અનુરાગ કશ્યપની કંપની ફેન્ટમ ફિલ્મ્સના બેનર હેઠળ સંયુક્ત રીતે કરવામાં આવશે. 'બોમ્બે વેલવેટ' ૨૦૧૪માં રીલીઝ થાય તેવી શક્યતા છે.

અનુષ્કા શર્મા બોલિવુડમાં પોતાનુ સ્થાન નિશ્ચિત બનાવી ચુકી છે. તેણે ઘણાં સારા અભિનેતા સાથે સફળ ફિલ્મો આપી છે. તેના અભિનયના પણ ઘણાં વખાણ થાય છે. ૨૦૦૮માં બોલિવુડના સુપરસ્ટાર કિંગ ખાન સાથે 'રબ ને બનાદી જોડી' સાથે બોલિવુડમાં પ્રવેશેલી અનુષ્કા શર્માની પહેલી જ ફિલ્મથી ડિમાન્ડ રહી છે.

# સેન્સેક્સ ૪૯ પોઈન્ટ ઘટીને ૨૦૦૬૨ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૨૨

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૪૯ પોઈન્ટ ઘટીને ૨૦૦૬૨ની નીચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૦ પોઈન્ટ ઘટીને ૬૦૯૫ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં મંદી માટે કેટલાક પરિબળો જવાબદાર રહ્યા હતા. લાર્સન એન્ડ ટુબ્રોના ત્રિમાસિક ગાળાના નફાના આંકડા અપેક્ષા કરતા નબળા રહ્યા છે. તેના ત્રિમાસિક નફામાં ૬.૯ ટકાનો અપેક્ષા કરતા વધુ ઘટાડો નોંધાયો છે. ભારતની સૌથી મોટી એન્જિનિયરીંગ અને કન્સ્ટ્રક્શન કંપનીના આંકડા પર તમામની નજર હતી. વૈશ્વિક મોરચે એશિયન બજારમાં મિશ્ર સ્થિતિ રહી હતી. વોરસ્ટ્રીટમાંથી પણ હકારાત્મક સંકેત મળ્યા હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ ન હતી. નિક્કીમાં ૨૪૬ પોઈન્ટનો સુધારો થતા તેની સપાટી ૧૫૬૨૭ નોંધાઈ હતી. જ્યારે સીઓલ કમ્પોઝિટમાં ૧૩ પોઈન્ટનો સુધારો થયો હતો. સ્ટેટ ટાઈમ્સમાં ૧૦ પોઈન્ટનો સુધારો થયો હતો. સંઘાઈ કમ્પોઝિટ અને હેંગસેંગ મંદી સાથે બંધ રહ્યા હતા. મૂડીરોકાણકારો યુએસ ફેડરલના વડાના નિવેદનની રાહ જોઈ રહ્યા છે. ઘરઆંગણે સેક્ટરલ મોરચે બીએસઈ રિયાલિટી અને કેપિટલ ગુડ્સ ઇન્ડેક્સમાં ૩થી ચાર ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. જ્યારે ઓઈલ એન્ડ ગેસ, પીએસયુ અને પાવર જેવા કાઉન્ટરોમાં કડાકો બોલી ગયો હતો. આ તમામમાં એક ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. લાર્સન એન્ડ ટુબ્રોમાં આશરે છ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીજી બાજુ બીએસઈ એફએમસીઈ ઇન્ડેક્સમાં એક ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. તાતા પાવર, સ્ટરલાઈટ, આરઆઈએલ, ગેઈલ, ભેલ, હિરોમોટો અને ઓએનજીસીમાં ઘટાડો રહ્યો હતો. બીએસઈ મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૮૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. જ્યારે બીએસઈ સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૮૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રેડથની વાત કરવામાં આવે તો ૧૪૫૧ શેરમાં નબળાઈ રહી હતી જ્યારે ૮૬૬ શેરમાં તેજી જોવા મળી હતી.

# ગાઝિયાબાદમાં કુટુંબના સાત સભ્યોની ક્રૂર હત્યા

ગાઝિયાબાદ,તા. ૨૨

ગાઝિયાબાદમાં એક ફર્નિચરના કારોબારીના આવાસમાં ઘૂસી જઈને કેટલાક વણઓળખાયેલ લોકોએ એક જ પરિવારના સાત લોકોની ઘાતકી હત્યા કરી દીધી હતી. તમામની ગળુ દબાવીને ઘાતક હથિયારોથી હત્યા કરી દેવામાં આવી હતી. મૃતકોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. આ સામુહિક હત્યાકાંડને લઈને ગાઝિયાબાદમાં લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. વેપારી સતીષ ગોહિલના આવાસ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. હત્યા કરવામાં આવેલાઓમાં બિલ્ડર અને તેની પત્ની સહિત ચાર બાળકોનો સમાવેશ થાય છે. આ હત્યાકાંડ પાછળ જૂની દુશ્મનાવત જવાબદાર હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે વધુ વિગત મળી શકી નથી. અન્ય સભ્યોનીઓળખ હાથ ધરવામાં આવી છે. આ બનાવને લઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે. હત્યા કર્યા બાદ હત્યારાઓ ઘટના સ્થળથી ફરાર થઈ ગયા હતા. હત્યારાઓને ઝડપી પાડવા પોલીસે પોતાની રીતે તપાસ હાથ ધરી છે. જો કે કોઈ કડી હાથ લાગી નથી.